# રાજકોટ મહાનગરપાલિકા
## ભરતી અંગેની જાહેરાત

રાજકોટ મહાનગરપાલિકાનાં કોમ્પ્યુટર(ઈ.ડી.પી.)વિભાગની ડાયરેક્ટર(આઈ.ટી.) સંવર્ગની જગ્યા ભરવા માટે તા.૧૯-૦૭-૨૦૨૫, શનિવાર સુધીમાં ફક્ત ઓનલાઈન માધ્યમથી (www.rmc.gov.in) અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | | |
| ડાયરેક્ટર (આઈ.ટી.) | ૦૧ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

ઉક્ત કેડરની લાયકાત, પગારધોરણ, વયમર્યાદા તેમજ અન્ય સંલગ્ન માહિતી માટે વેબસાઈટ www.rmc.gov.in પરથી જાહેરાત અંગેની સૂચનાઓ: એનેક્ષર-એ ડાઉનલોડ કરી વિગતો મેળવવી.

(મનીષ ગુરવાની,IAS)
નાયબ કમિશનર(મહેકમ)
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા

## જાહેરાત અંગેની સૂચનાઓ: એનેક્ષર–એ

રાજકોટ મહાનગરપાલિકાનાં કોમ્પ્યુટર(ઈ.ડી.પી.)વિભાગની ડાયરેક્ટર(આઈ.ટી.) સંવર્ગની જગ્યા ભરવા માટે નીચે મુજબની વિગતે કેટેગરી વાઈઝ ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.rmc.gov.in પર તા.૦૫–૦૭–૨૦૨૫ થી તા.૧૯–૦૭–૨૦૨૫(૨૩.૫૯ કલાક) સુધીમાં લોગીન કરી અરજી કરવાની રહેશે. તેમજ ઓનલાઈન ફી ભરવાની છેલ્લી તા.૧૯–૦૭–૨૦૨૫(૨૩.૫૯ કલાક) સુધીની રહેશે.

## શૈક્ષણિક લાયકાત અને પગારધોરણ :

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | કુલજગ્યાઓ પૈકી માજી સૈનિક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | બિનઅનામત | આ.ન.વ. | સા.શૈ.પ. | અનુ. જાતી | અનુ. જન જાતી | | |
| ૧ | ડાયરેક્ટર (આઈ.ટી.) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| એકંદરે કુલ | | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

**ડાયરેક્ટર (આઈ.ટી.)ની લાયકાત :**

(1) Educational qualification and Experience: -

(a) Possess –

(i) a degree of Bachelor of Engineering or Bachelor of Technology in Information Technology or Computer science or Computer Engineering or Electronics or Electronics and Communication or Computer Technology or Information and Communication Technology or a degree of Master of Computer Application or Master of Science (IT) of obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other education institution recognised as such or declared to deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956, and

(ii) have about ten years combined or separate experience, excluding teaching experience, in the field of Computer Technology or Communication Technology or Information Technology or Information and Communication Technology in-

Any Organization of Government, or

Any Municipal Corporation, or

Any Organization of Government Undertaking Boards, or

Any Organization of Government Undertaking Corporation, or

Any Company which is established under the Companies Act, 1956 or Companies Act, 2013, and out of which half the experience has been in a company or companies which is CMM (Capability Maturity Model) Apprised or is ISO certified or listed in any of the stock exchanges in the world or which is a member of NASSCOM (National Association of Software and Service Companies) or member of Electronics Industries Association of India (ELCINA) or member of India Cellular and Electronics Association (ICEA) or member of India Electronics and Semiconductor Association (IESA) or having paid up capital of at least Rs. 1.00 Crore, or

Combination of above Experiences

Provided that if part of the experience comes from companies, then minimum half of such companies experience should be from companies which is CMM (Capability Maturity Model) Apprised or is ISO certified or listed in any of the stock exchanges in the world or which is a member of NASSCOM (National Association of Software and Service Companies) or member of Electronics Industries Association of India (ELCINA) or member of India Cellular and Electronics Association (ICEA) or member of India Electronics and Semiconductor Association (IESA) or having paid up capital of at least Rs.1.00 Crore."

**ડાયરેક્ટર (આઈ.ટી.)નું પગારધોરણ અને વયમર્યાદા:**

સાતમાં પગારપંચ મુજબ પે મેટ્રિક્સ લેવલ–૧૧, રૂ.૬૭૭૦૦–૨૦૮૭૦૦/–,
વયમર્યાદા : ૨૧ થી ૪૭ વર્ષ

**સુચના :**

- રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓને ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.
- ઉક્ત જગ્યા પર ઉમેદવારી નોધાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે અન્ય કોઈ માધ્યમ મારફતે કરવામાં આવેલ અરજી રદબાતલ ગણવામાં આવશે. ઉપરોક્ત જગ્યાઓ તથા તેને લગત

વધુ વિગતો www.rmc.gov.inપરથી મેળવી શકાશે.

- ફક્ત જગ્યાની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજી ફી રીફંડ થશે નહિ/પરત મળશે નહિ.
- અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ લાયકાત, અનુભવ, ઉમર અને અન્ય તમામ પ્રકારની સંલગ્ન ગણતરી કરવામાં આવશે અને ઓનલાઈન અરજીમાં ખોટી વિગતો રજુ કરનાર ઉમેદવારને ભરતીની આગળની કાર્યવાહી માટે ગેરલાયક(નોટએલીજીબલ) ગણવામાં આવશે તથા અરજી કરતી વખતે ઉમેદવારે સબમીટ કરેલ માહિતીમાં પાછળથી કોઈપણ પ્રકારના સુધારાને ધ્યાને લેવામાં આવશે નહિ.
- મહિલા ઉમેદવારને ૦૫(પાંચ) વર્ષની વિશેષ છૂટછાટ વધુમાં વધુ ૪૭ વર્ષની મર્યાદામાં મળવાપાત્ર રહેશે.
- ઉમેદવારોની આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઇ નિમણુંક અધિકારી દ્વારા ઉમેદવારોના મેરીટ ક્રમાંક નિયત કરવા અંગેની ઉચિત કાર્યપ્રણાલી અનુસરીને પસંદગી કરવામાં આવશે.
- આ જાહેરાત કોઈપણ કારણોસર રદ્દ કરવાની, ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તે અન્વયેનો આખરી નિર્ણય કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે

## નોંધ : -

આ જાહેરાત અન્વયે દિવ્યાંગતા અનામતની જગ્યા ન હોય, દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ બિનઅનામતની જગ્યા પર ઉમેદવારી કરવા માંગે ત્યારે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. આ સિવાયની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.

| ક્રમ | જગ્યાનું નામ | દિવ્યાંગતા | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ડાયરેક્ટર (આઈ.ટી.) | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | શ્રવણની ખામી | મગજનો લકવો સહીત, હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી | ક્રમ B અને D હેઠળનાં વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા |
| | | A | B | C | D | E |
| | | - | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, SD, SI | SLD, MI | MD involving (B) to (D) |

D=DEAF, HH=HARD OF HEARING, OA= ONE ARM AFFECTED(LEFT OR RIGHT), BA= BOTH ARMS AFFECTED, OL= ONE LEG AFFECTED (LEFT OR RIGHT),BL=BOTH LEGS AFFECTED, OAL=ONE ARM & ONE LEG AFFECTED, CP= CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw= DWARFISM, AAV= ACID ATTACK VICTIM, SD= SPINAL DEFORMITY, SI= SPINAL INJURY, SLD= SPECIFIC LEARNING DISABILITY, MI= MENTAL ILLNESS, MD= MULTIPLE DISABILITY

## કોમ્પ્યુટર વિષયક લાયકાત:

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના સામાન્ય નિયમો-૧૯૬૭ ના નિયમ-૮(૧એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.પ. સાથેના પત્રક-૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરનાં બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે.ઉમેદવાર ગુજરાતી અને હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

## નાગરિકત્વ:

પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનોપ્રજાજન (ગ) ભૂતાનનોપ્રજાજન અથવા(ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૦૧/૦૧/૧૯૬૨ પહેલાભારતમાંઆવેલા તિબેટના નિર્વાસિત અથવા (ચ) પાકિસ્તાન, બર્મા,શ્રીલંકા અને પૂર્વ આફ્રિકાના દેશો- કેન્યા,યુગાન્ડા,વિયેતનામ,ઝામ્બીયા,મલાવી, ઝેર, ઈથોપિયા,યુનાઈટેડ,રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાના, દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ ભારતીય વ્યક્તિ, પરંતુ (ખ) થી (ચ) સુધીના પ્રકારમાની વ્યક્તિઓ ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર

મેળવ્યું હોય તો જ નિમણુંક માટે પાત્ર બનશે. આ જગ્યા માટે ઉમેદવાર ગુજરાત રાજ્યના વતની અને ગુજરાત રાજ્યના ડોમીસાઈલ હોવા જોઈએ.

## ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :

- ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા રાજકોટ મહાનગરપાલિકા માંગે ત્યારે અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજુ કરવાના રહેશે. ચકાસણી દરમ્યાન ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદબાતલ ગણવામાં આવશે.
- બિનઅનામત કેટેગરીના ઉમેદવારોએ રૂ.૫૦૦/- (પાંચ સો પુરા) અરજી ફી તરીકે ભરવાના રહેશે આ અરજી ફી માત્ર અને માત્ર ઓનલાઈન/નેટ બેન્કિંગથી જ સ્વીકારવામાં આવશે. અરજી ફી ભર્યા બાદ ઉમેદવારે પોતાનો અરજી નં. તથા ટ્રાન્ઝેક્શન આઈ.ડી.સાચવી રાખવાના રહેશે. અરજી ફી ભર્યા બાદ રીફંડ આપવામાં આવશે નહિ. ફી ભર્યા વગરની અરજી રદ્દ થવા પાત્ર રહેશે. અરજી ફી ન ભરનાર ઉમેદવારને કોઈ પણ પ્રકારની લેખિત પરીક્ષા/સ્ક્રીનિંગ ટેસ્ટ/મૌખિક ઇન્ટરવ્યુ પૈકી નિમણુંક અધિકારી દ્વારા જે કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવશે તેમાં બેસવા દેવામાં આવશે નહિ.
- ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં જે પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ Upload કરેલ હોય, તે ફોટોગ્રાફની વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને ભરતી પ્રક્રિયા (લેખિત પરીક્ષા/ઇન્ટરવ્યુ/વિગેરે) સમયે તેવો જ ફોટોગ્રાફ રજૂ કરવાનો રહેશે.
- કોઈપણ ઉમેદવાર એક જ જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરશે તો તેઓની અરજી/અરજીઓ રદ્દ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા રાજકોટ મહાનગરપાલિકાની રહેશે.
- ઉમર, લાયકાત અને અનુભવ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
- માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.
- જાહેરાતમાં માંગ્યા મુજબની શૈક્ષણિક લાયકાત/ ડીગ્રી મેળવ્યા બાદનો જ અનુભવ માન્ય ગણવામાં આવશે. તે પહેલાનો અનુભવ કોઈપણ સંજોગોમાં માન્ય ગણાશે નહિ. અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ) તથા બજાવેલ ફરજોનો પ્રકાર/ મેળવેલ અનુભવની વિગતો સહીત માન્ય સંસ્થાનું ઇન્વર્ડ/આઉટવર્ડ નંબર તથાં તારીખ સાથેનું જ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. માત્ર ઓફર લેટર કે એપોઈન્ટમેન્ટ લેટર અનુભવના પુરાવા તરીકે અમાન્ય ગણાશે પરંતુ જો તેની સાથે વખતો-વખત સંસ્થા દ્વારા અપાયેલ ઈજાફા કે પ્રમોશનના હુકમ, પગાર સંબંધિત પુરાવા કે અન્ય આધારભૂત ગણી શકાય તેવા પુરાવા રજૂ કર્યેથી, તેની પૂરતી ચકાસણી કર્યા બાદ યોગ્ય જણાયેથી આવો અનુભવ માન્ય ગણવામાં આવશે.
- રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીએ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે છેલ્લા માસની પગારસ્લીપ રજૂ કરવાની રહેશે. આ ઉપરાંત જો એક કરતાં વધુ હોદ્દા ઉપર ફરજ બજાવેલ હોય તો પ્રમોશન કે સિલેકશનના હુકમની નકલ અવશ્યપણે રજૂ કરવાની રહેશો.
- તમામ કેટેગરીના ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદા તમામ પ્રકારની છુટછાટ સાથે કોઈપણ સંજોગોમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે ૪૭ વર્ષથી વધુ હોવી જોઇએ નહી, સિવાય કે રાજકોટ મહાનગરપાલિકા ની નોકરીમાં હોય.
- ઉમેદવારે ઓનલાઇન અરજીમાં જે જાતિ (કેટેગરી) દર્શાવેલ હશે તેમાં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
- ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે, જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય તેવા ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે રાજકોટ મહાનગરપાલિકાની કોઇ જવાબદારી રહેશે નહી.
- સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઈ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં. જેની નોંધ લેવી, ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે રાજકોટ મહાનગરપાલિકા ની વેબ સાઇટ http://www.rmc.gov.in જોતા રહેવા વિનંતિ છે.
- ઉમેદવારોએ લેખિત પરીક્ષા/ ઇન્ટરવ્યુ માટે સ્વખર્ચે આવવાનું રહેશે.

- પસંદગીની પ્રક્રીયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ રાજકોટ મહાનગરપાલિકાની સ્ટાફ સિલેક્શન કમિટી/મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટી/મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.
- પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.
- ઉમેદવારે ઓનલાઇન અરજીમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબકે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણુંક સમયે રજુ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલુમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો કોઇપણ તબક્કે નિમણુંક રદ કરવામાં આવશે.
- સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટીના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.
- આપેલ જાહેરખબર કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો રાજકોટ મહાનગરપાલિકાનો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને રાજકોટ મહાનગરપાલિકા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
- સદર ખાલી પડેલ જગ્યાઓની ભરતી પ્રકીયા જે તે સમયના રોસ્ટર નિયમને આધીન કરવામાં આવશે.
- જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, તમામ ઉમેદવારોને આગળની ભરતી પ્રક્રિયા માટે વિચારણામાં લેવા કે મેરીટના આધારે શોર્ટલીસ્ટ કરી આગળની ભરતી પ્રક્રીયા/લેખિત પરીક્ષા/પ્રેક્ટિકલ ટેસ્ટ/ઓનલાઇન પરીક્ષા માટે વિચારણામાં લેવા તે અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે. વધુમાં, લેખિત પરીક્ષા લેવાના સંજોગોમાં લેવાની થતી સંભવિત લેખિત/ઓનલાઇન પરીક્ષા ખ્યાતનામ સંસ્થા મારફતે જરૂર જણાયે એક કરતાં વધુ સેશનમાં/જુદા જુદા પ્રશ્નપત્રો અંતર્ગત વિભિન્ન પ્રશ્નોના સેટ મારફતે યોજવામાં આવશે. જે બાબતે ઉમેદવારો કોઇ તકરાર કરી શકશે નહી.
- જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ,આગળની ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારોને માન્ય ગણવા અંગે નીતી નક્કી કરવા મ્યુનિ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.
- ઉક્ત જગ્યા વર્ગ-૦૧ ની હોવાથી, સામાન્ય સભા તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મંજૂરીને આધીન રહેશે.

(મનીષ ગુરવાની,IAS)
નાયબ કમિશનર(મહેકમ)
રાજકોટ મહાનગરપાલિકા